GJJN110003872026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૫/૦૫/૨૦૨૬. | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૫/૦૫/૨૦૨૬. | | |
| ફેસલ કર્યા તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૦૯ |

**ભેસાણના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ–ભેસાણ.**

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | **૨૯૦/૨૦૨૬.** |
| **આંક** | ૧૨ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(ઇ) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૬૦૦૮૭/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર** |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| આરોપી | કિરણબેન વા/ઓ કપીલભાઈ દેવાભાઈ પરમાર,ઉ.વ.૪૨, ધંધો–ઘરકામ, રહે.ગળથ,તા.ભેંસાણ,જી.જુનાગઢ |
| રજુઆત | વિ.વકીલ શ્રી એસ.આર.ડોડીયા. |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૦૩/૨૦૨૬. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮/૦૩/૨૦૨૬. |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬. |
| તહોમતનામાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

**:: આરોપીની વિગત ::**

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કિરણબેન વા/ઓ કપીલભાઈ દેવાભાઈ પરમાર | ૧૭/૦૩/૨૦૨૬ | ૧૭/૦૩/૨૦૨૬ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(ઇ) મુજબ. | નિર્દોષ | – | – |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષના સાક્ષી**

| **ક્રમ.** | **પુરાવાનો પ્રકાર** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|---|
| ૧. | ફરીયાદી તથા ત.ક.અધિકારી | પો.હેડ.કો.બળવંતસિહ નાથાભાઈ પરમારની જુબાની. | ૦૬ |
| ૨. | પંચ સાહેદ | જયદિપભાઈ વિરજીભાઈ પરમારની જુબાની. | ૧૦ |
| ૩. | પંચ સાહેદ | મયુરભાઈ ચનાભાઈ રાખસીયાની | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| | | જુબાની. | |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| **ક્રમ.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ. | ૦૭ |
| ૨. | પ્રોહિ રેઈડ અંગેનું પંચનામુ. | ૦૮ |
| ૩. | એફ.એસ.એલ.માં મુદ્દામાલ મોકલેલ તે અંગેની પાવતી. | ૦૯ |

**ડ. ભૌતિક પદાર્થ :** ભેંસાણ પોલીસ સ્ટેશન – ૧૧૨૦૩૦૦૭૨૬૦૦૮૭/એમ.પી./૧, મુદ્દામાલ પાવતી તા.૦૮/૦૩/૨૦૨૬ માં જણાવ્યા મુજબ.

| **અનુ. નં.** | **જણસની સંખ્યા,કદ, વજન અથવા માપ** | **વર્ણન અને કિંમત** |
|---|---|---|
| ૧. | લીટર–૨૫ | દેશી પીવાનો દારૂ,કિં .રૂ.૫,૦૦૦/– |
| ૨. | મી.લીટર–૩૦૦ | દેશી પીવાનો દારૂ,કિં.રૂ.૦૦/– |

**––// જજમેન્ટ //––**

## (૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ–

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના મહિલા આરોપીએ તા.૦૮/૦૩/૨૦૨૬ ના કલાક ૧૬/૦૦ વાગ્યે ભેસાણ તાબેના ગળથ ગામે પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ આશરે લીટર ૨૫, કિં.રૂ.૩૦૦૦/– નો પ્રોહિ મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી બાદમાં પકડાઈ જઈ ગુન્હો કર્યા બાબતનો આરોપી ઉપર આક્ષેપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી

આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(ઇ) મુજબની ફરિયાદ, ફરિયાદીએ ભેંસાણ પોલીસ સ્ટેશનમાં પ્રથમ બાતમી

નં.૧૧૨૦૩૦૦૭૨૬૦૦૮૭/૨૦૨૬ થી નોંધાવતા તે આધારે બનાવની તપાસ કરનાર પોલીસ અધિકારીશ્રીએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપી વિરૂધ્ધ ગુન્હા સબબના પુરતા પુરાવા મળતા ઇન્સાફી કાર્યવાહી થવા સારૂ અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ છે.

## (૩) <u>કોર્ટ કાર્યવાહી</u>

આ કામના આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી) મુજબ પોલીસ રીપોર્ટને આધારે ઉપરોક્ત ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપી કોર્ટમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સ ચાર્જશીટની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ,ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ–૨૬૩(૧)પ્રમાણે આરોપી ઉપર **આંક–૦૪** થી ઉપરોક્ત ગુન્હાનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી,સદરહુ તહોમતનામું કલમ–૨૬૩(૨) પ્રમાણે આરોપીને વાંચી–સંભળાવી, આરોપીની સદરહુ તહોમતનામા અંગે **આંક–૦૫** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. જેથી, કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૬૫ મુજબ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

(૪) આ કામે ફરિયાદી પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૬ | ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પો.હેડ.કો. બળવંતસિહ નાથાભાઈ પરમારની જુબાની. |
| ૦૨ | ૦૭ | અસલ ફરીયાદ. |

| | | |
|---|---|---|
| ૦૩ | ૦૮ | પ્રોહિ રેઈડ અંગેનું પંચનામુ. |
| ૦૪ | ૦૯ | એફ.એસ.એલ.માં મુદ્દામાલ મોકલેલ તે અંગેની પાવતી. |
| ૦૫ | ૧૦ | પ્રોહિ રેઈડ અંગેના પંચનામાના પંચ જયદિપભાઈ વિરજીભાઈ પરમારની જુબાની. |
| ૦૬ | ૧૧ | પ્રોહિ રેઈડ અંગેના પંચનામાના પંચ મયુરભાઈ ચનાભાઈ રાખસીયાની જુબાની. |

(૫) **<u>આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબનુ વિશેષ નિવેદન–</u>**

ઉપરોક્ત સાહેદો તપાસ્યા બાદ ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવતા આ કામે આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબનુ વિશેષ નિવેદન રેકર્ડ કરતા આરોપીએ તેમને પુછવામાં આવેલ સવાલોનો જવાબ નકારમાં આપી ટોટલ ડીનાઈલનો બચાવ લીધેલ છે અને બચાવના સાહેદો તપાસવાનો તથા સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરી વિશેષમાં પોતે તદન નિર્દોષ હોવાનું અને તેમની સામે ખોટી ફરિયાદ કરેલ હોવાનુ જણાવેલ છે.

ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી તથા આરોપી પક્ષ તરફે વિ. વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી એ પોલીસ સાહેદની જુબાની ધ્યાને લઈ આરોપીને કાયદા મુજબની સજા કરવા દલીલ કરેલ છે જ્યારે આરોપીના વિ.વ.શ્રી એ દલીલ કરતા જણાવેલ છે કે સદર કેસમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી પંચસાહેદો હોસ્ટાઈલ થયેલ છે તેથી માત્ર પોલીસ સાહેદની જુબાનીથી કેસ પુરવાર થયેલ હોવાનુ ગણી શકાય નહી અને આરોપી ઉપરનો આક્ષેપિત ગુનો ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી

શકેલ ન હોઈ આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૬) આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના મહિલા આરોપીએ તા.૦૮/૦૩/૨૦૨૬ ના કલાક ૧૬/૦૦ વાગ્યે ભેસાણ તાબેના ગળથ ગામે પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ આશરે લીટર ૨૫, કિં.રૂા.૩૦૦૦/– નો પ્રોહિ મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી બાદમાં પકડાઈ જઈ, ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૫(ઈ)_ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

(૬.૧) ઉપરના મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**નિર્ણયોઃ–**

મુદ્દા નં. ૧ – નકારમાં.

મુદ્દા નં. ૨ – આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નંબર ૧, ૨ :–**

(૭) આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૧૦** થી પંચસાહેદ જયદિપભાઈ વિરજીભાઈ પરમારને તથા **આંક–૧૧** થી પંચ સાહેદ મયુરભાઈ ચનાભાઈ રાખસીયાને સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું પંચ સાહેદો **આંક–૦૮** થી રજૂ પ્રોહિ રેઈડ અંગેના પંચનામા થી તદ્દન વિરોધાભાસી સોગંદ ઉપર જુબાની આપતા હોઇ, ફરિયાદ પક્ષે પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ઉલટ તપાસ લીધેલી છે, પરંતુ ઉલટ તપાસથી ફરિયાદ પક્ષ કોઇ ફળદાયી હકીકત મેળવી શક્યા

નથી કેમ કે, ઉલટ તપાસમાં પણ પંચ સાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી, જે સંજોગોમાં પંચનામું સાબિત થયાનું માની શકાય નહી અને પંચ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને પંચ સાહેદોના પુરાવા પરથી આ કામના આરોપીના કબજા ભોગવટામાંથી બનાવના દિવસે સમયે અને સ્થળે ગેરકાયદેસરનો વિદેશી દારૂ મળી આવેલાનું સાબિત થઈ શકતુ નથી. આમ, ફરિયાદ પક્ષે મહત્વના મુદ્દામાલ રીકવરીના પંચ સાહેદો જ ફરી ગયેલા જાહેર કરેલા હોઇ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે અને આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮) આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૦૬ થી ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પો.હેડ.કો. બળવંતસિહ નાથાભાઈ પરમાર**ને  સોગંદ પર તપાસેલા છે અને તેઓએ આ કામે કરેલ કાર્યવાહીનો ઔપચારીક  પુરાવો આપેલ છે આંક–૦૭ થી ફરિયાદ રજૂ કરેલ છે. આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ આપતા અગાઉ પંચનામુ કરવામાં આવેલુ હોય તેમ છતાં ફરિયાદમાં પંચોના નામ દર્શાવેલ નથી જેથી આંક–૦૮ વાળુ પ્રોહિ રેઈડ અંગેનું પંચનામુ શંકાસ્પદ જણાઈ આવે છે. વધુમાં આ કામે તપાસ કરનાર અધિકારીએ કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. માં તપાસ માટે મોકલેલો તેની પાવતી આંક–૦૯ થી રજુ થયેલ છે પરંતુ તેનું પરિક્ષણ થઈ આવેલ હોય તે મુજબનો કોઈ પુરાવો રજૂ કરેલ નથી તેથી હાલના આરોપીના કબજામાંથી પ્રોહી. અંગેનો મુદ્દામાલ કબજે કરેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં આ કામે ફરિયાદ પક્ષના સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો પુરાવો રજૂ રાખેલ નથી. આમ, સોગંદ ઉપર તપાસવામાં આવેલ ત.ક. અમલદારની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓએ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તે મુજબ

પુરાવો રજૂ કરેલ નથી. તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં બનાવવાળી જગ્યાની માલીકી અંગેના કોઈ પુરાવા કબજે કરેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી જે હકીકત પણ શંકાસ્પદ બને છે. જે સંજોગોમા આ કામના આરોપીના કબજા ભોગવટામાંથી બનાવના દિવસે અને સ્થળે ગેરકાયદેસરનો દેશી દારૂ મળી આવેલાનુ સાબિત થઈ શકતુ નથી.

આ સંજોગોમાં Satish Mehra versus Delhi administration –criminal appeal no.1385 of 1995* J.date-july 31,1996 નાં ચુકાદામાં નામદારસર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે મહત્વનાં સાહેદોએફરિયાદપક્ષને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતનાં ઉપરોક્ત ચુકાદાના પેરા–15 માં જણાવ્યા પ્રમાણે 15 But when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing theprocedure to pronounce the conclusion on a future date. We are mindful that most of the Sessions courts in India are under heavy pressure of workload. If the Sessions Judge is almost certain that the trial would only be an exercise in futility or a sheer waste of time it is advisable to truncate or snip the proceedings at the stage of Sec. 227 of the Code itself.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદા Madan Mohan Abbot Versus State of Punjab , AIR 2008 S.C.1969 * J.Date March 26,2008 માં જણાવ્યા પ્રમાણે જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઇ શક્યતાઓ જણાતી ન

હોય ત્યારે કોર્ટે આવી કાર્યવાહી આગળ ચલાવવાની નિરર્થક કસરત ન કરવી જોઇએ.આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને સદરહું કેસમાં અન્ય સાહેદો કે જેઓ પોલીસ સાહેદો છે તેઓને તપાસેલ નથી.

(૯) **<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

(૯.૧) સૌ પ્રથમ આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની કલમનો ઉલ્લેખ અત્રે જરૂરી છે.ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ 65 (ઇ)....

**નશાયુક્ત પદાર્થ કે ભાંગ ગાંજાની ગેરકાયદેસર રીતે આયાત–નિકાસ વિગેરે કરવા બદલ શિક્ષા અંગેઃ–** આ કાયદા મુજબ– જે કોઈ વ્યક્તિ, આ કાયદાની જોગવાઈઓ કે તે મુજબ નક્કી કરેલ કોઈ નિયમ,વિનિયમ કે આદેશનો કે તે અનુસાર આપેલા કોઇ પરવાનાં, પાસ, પરમિટ કે અધિકારપત્રનો ભંગ કરીને–

**<u>(ઈ) –કોઇ નશાયુક્ત પદાર્થ (અફિણ સિવાય) કે ભાંગ/ગાંજો પોતાના કબજામાં રાખે,હેરફેર કરે, વેચે કે ખરીદે,</u>**

(એફ)– (અફીણ સિવાયનો બીજો) નશાયુક્ત પદાર્થ બનાવવાના હેતુ માટે કોઈ પદાર્થો,દારૂની ભઠ્ઠી,વાસણો,ઓજારો અથવા સાધનો વાપરે,રાખે,અથવા પોતાના કબજામાં રાખે,

(જી)– ભાંગ ગાંજાની ખેતી કરે કે સંગ્રહ કરે તો–

તેવી વ્યક્તિનો ગુનો પુરવાર થયેથી પ્રત્યેક ગુના સબબ, દસ વર્ષ સુધીની કેદની અને પાંચલાખ રુપિયા સુધીનાં દંડની શિક્ષાને પાત્ર બનશે.

[જોગવાઈ કરવામાં આવી છે કે, જો કોર્ટનાં ફેંસલામાં જણાવવા જોઈએ તેવા વિરુધ્ધમાં ખાસ અને પુરતાં કારણો ન હોય તો,

–પ્રથમ ગુના માટે બે વર્ષથી ઓછી નહી તેટલી કેદ અને એક લાખ રુપિયા થી ઓછા નહી તેટલો દંડ.

–બીજા ગુના માટે ત્રણ વર્ષથી ઓછી નહી તેટલી કેદ અને બે લાખ રુપિયાથી ઓછા નહી તેટલો દંડ.

–ત્રીજા ગુના અને ત્યારબાદના ગુના માટે સાત વર્ષથી ઓછી નહી તેટલી કેદ અને પાંચ લાખ રુપિયાથી ઓછો નહી તેટલો દંડ.]

આ કામે ફરિયાદ હકીકત અનુસંધાને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આ કાયદા મુજબ આરોપીઓ વિરુદ્ધનો કેસ સાબિત કરવા માટે ફરિયાદપક્ષે સૌપ્રથમ આ કાયદામાં જણાવ્યા મુજબનો પ્રતિબંધિત મુદ્દામાલ આરોપીની હાજરીમાં

તેની પાસેથી અથવા આરોપીના કબજાવાળી મિલકતમાંથી કબજે લેવામાં આવેલ છે તેવું સાબિત કરવાનું રહે છે. જો આ હકીકત સાબિત થાય તો જ ગુજરાત પ્રોહીબીશન એક્ટ ની કલમ 65 (ઈ) મુજબનો ગુનો બને છે તેવું માનવાને કારણ રહે છે.

(૯.૨) આ કામે ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે તેઓની જુબાની જોતા તેઓએ સદરહુ ગુનાના કામે <u>આરોપીએ પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ આશરે લીટર ૨૫, કિં.રૂા. ૩૦૦૦/– ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવી બાદમાં પકડાઈ જઈ</u> ગુનો કર્યો હોવાનું તેમજ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવાઓ જણાઈ આવતા ચાર્જશીટ કરેલ તેવી ફરિયાદને અનુરૂપ હકીકત તેઓની સરતપાસમાં જણાવેલ છે પરંતુ જે સ્વતંત્ર પંચ સાહેદોને સાથે રાખી પંચનામું કરવામાં આવેલ છે તેવા પંચનામાનાં પંચ સાહેદ પોતાની કોર્ટ સમક્ષ જુબાનીમાં ફરિયાદ પક્ષે વિમુખ જાહેર થયેલા છે અને તેઓની જુબાનીથી પંચનામાની કોઈપણ હકીકત પુરવાર થતી નથી આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસને સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીથી સમર્થન મળતું નથી અને આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી.આ સંજોગોમાં સ્વતંત્ર સાહેદના સમર્થન વિના એક માત્ર પોલીસ સાહેદો ની જુબાની ને આધારે આરોપી સામેનો કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ ને ઈન્ટરેસ્ટેડ વીટનેસ ગણી શકાય તેમ છતાં જો તેઓ ની જુબાની ને સ્વતંત્ર પંચ સાહેદનું સમર્થન મળ્યું હોત તો ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ ની જુબાની ને સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાત પરંતુ આ કામે જ્યારે સ્વતંત્ર સાહેદોનું ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી

ત્યારે એકમાત્ર પોલીસ સાહેદોની જુબાનીથી તથા રજુ પુરાવાના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી.

(૯.૩) ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ ની જોગવાઇ ધ્યાને લીધી.

**Section.104. Burden of proof.—**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. Illustrations.

(a) A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.

(b) A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts.

It is well settled that the prosecution can succeed by substantially proving the very story it alleges. It must stand on its own legs. It cannot take advantage of the weakness of the defence. Nor can the court on its own make out a new case for the prosecution and convict the accused on that basis; **Narain Singh v. State, (1997) 2 Crimes 464 (Del).(para15)**

આ કામના આરોપી સામેનું તહોમત રેકોર્ડ પર નો પુરાવો વગેરે ધ્યાને લેતા ફરિયાદમાં પંચો સાથે રેડ કરેલા નું જણાવે છે પરંતુ પંચોએ આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવ્યાની હકીકતો નો ઇનકાર કરી પંચનામાની કોઈપણ હકીકતને સમર્થન આપેલ નથી આ સિવાય પણ સાહેદ દ્વારા પોલીસ સાથે કોઇ જગ્યાએ રેડ માં ગયેલ હોય અથવા તેઓની રૂબરૂ કોઇ પંચનામુ કરવામાં આવેલું હોય તેવી તમામ હકીકતનો નકારી કાઢે છે.ત્યારબાદ

રેકોર્ડ જોતાં એવું પણ જણાઇ આવે છે કે તપાસ કરનાર અધિકારીએ કોઇ પણ સ્વતંત્ર સાક્ષીના નિવેદન પણ લીધેલ નથી.મુદ્દામાલ દારૂ આરોપી પાસેથી કબજે કરેલ છે તેવી હકીકત સાબિત કરવા માટે આજના ડિજિટલ યુગમાં જ્યારે પોલીસ સાહેદો પાસે android mobile phone ઉપલબ્ધ હોય છે ત્યારે પંચો સિવાય અન્ય માધ્યમ જેમકે ઇલેક્ટ્રોનિક પુરાવો વગેરેથી બીજો પુરાવો રજૂ કરી કેસની હકીકત સાબિત કરી શક્યા હોત પરંતુ Prosecution તરફથી આવી કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી કેવું રેકોર્ડ જોતા જણાઇ આવે છે.

(૯.૪) આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચુકાદો **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ જી.એચ.જે. 2011 (26) પેજ 1** ધ્યાનમાં લેવો જરૂરી છે જેમા ઠરાવેલ છે કે મૌખીકતથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ ફરી જવાથી પણ જપ્તી અને ઝડતી પ્રોહીબીશન ના કેસમાં beyond reasonable doubt પુરવાર થઇ શકે નહીં.Panch witnesses declared hostile – held, prosecution failed to establish case against accused- NO conviction can be based solely on the basis of evidence of complainant .જેમાં નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂકવાના ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાલના કેસમાં પણ પંચ સાહેદો હોસ્ટાઇલ છે આ કામે ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શક્યો નથી કે કહેવાતો મુદ્દામાલ આરોપીનાં અનન્ય અને સભાનપણા ના કબ્જા માંથી લેવાયેલ છે.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **<u>State of Gujarat v/s. Raijibhai Chaturbhai Solanki</u>** Criminal

Reference No. 14 of 1960 * J.Date july 8, 1960 વંચાણે લીધો.જેમાં જણાવ્યા પ્રમાણે,

Presence of Panchas is obligatory at the time of search-evidence of police officer conducting search must be corroborated- in absence of such corroboration, conviction should not rest solely on uncorroborated testimony of police officer who conducted search-conviction and sentence set aside.

વધુમાં, નામદાર ગુજરાત હાઇકોર્ટનાં નામદાર જસ્ટીસ આર.પી.ઢોલરીયા સાહેબનો ચુકાદો State of Gujarat V/s, Yadvendrasing sardar surjitsing Jat, Criminal Appeal No.16 of 2006,* J.Date July 22, 2006, ધ્યાને લીધો જેના પેરા–10 માં જણાવ્યા પ્રમાણે

**Para No. 10-** On overall examination of the evidence on record, it appears that from the seven witnesses examined, five witnesses belonged to police department. Two are independent panch witnesses who have been examined and they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also failed to disclose during the investigation the labels indicating the brand of such liquor. However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.

**વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો <u>Mansibhai Mulubhai Kathi Darbar Versus State Bank Of Gujarat Criminal Revision Application NO.435 of 2003,J.Date -April 17,2012</u> ધ્યાને લીધો. જેનાં પેરા–6 અને પેરા–7 નીચે મુજબ છે.**

**(6.) From the record it clearly appears that the Panchas have not supported the case of** prosecution. It also appears that, except the Panch witness and Police witnesses, the prosecution has not examined any independent witness to support the case of the prosecution and there is no mentioned either in the panchnama or in the complaint or in the deposition of witnesses that the bottle was sealed and intact and there was label indicating the name of its manufacturer. ...

**<u>Para (7.)</u>** In the present case, it is clearly appeared that the Panchas have not supported the case of the prosecution and there is no mention in the panchnama regarding the seal and slip rapped on the bottle and the recovery of muddamal from the applicant - accused is also doubtful. No independent witness is examined to support the case of prosecution. There are also number of material contradictions in the evidence of witnesses. Therefore, in my opinion both the Courts below have committed error in holding the applicant - accused guilty of the offence charged against him.

(૯.૫) <u>સૌથી મહત્વની બાબત એ છે કે સદર ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામાલ, કેફી પદાર્થ દેશી દારૂ જ હતો તે બાબતે કોઈ એફ. એસ. એલ.પૃથક્કરણ અહેવાલ આ ગુનાનાં કામે ફરિયાદપક્ષ તરફથી પુરાવામાં રજૂ કરવામાં આવેલ નથી.</u>

(૯.૬) આમ, રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો ફોજદારી વિધિશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવ રજૂ કરીને પોતાનો કેસ નિ:શંકપણે એટલે કે beyond reasonable doubt પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે. ફોજદારી કાર્યવાહીમાં

ફરીયાદ પક્ષે ગુનાની માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ ગુનો શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. પ્રોહિબીશન જેવા કેસમાં સૌપ્રથમ રેડ કરવામાં આવે છે અને તે રેડ દરમ્યાન ગુનો થતો જણાય તો તે અંગેનું પંચનામું કરી પ્રતિબંધિત વસ્તુઓ અંગે અનુમાન કરવા માટે કાયદામાં વર્ણવેલ રીતથી પ્ર તિબંધિત વસ્તુઓ કબજે લઈ તેના આધારે ફરીયાદ આપવામાં આવે છે એટલે કે આવા કેસમાં પંચનામું એ પાયાનો પુરાવો બની જતો હોય છે અને ફરીયાદ પક્ષનો આધાર પંચનામા ઉપર રહે છે  એટલે કે ફરીયાદ પક્ષેપંચનામું સાબિત કરવું પડે અને જો પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ જાય અને પંચનામાં જેવો પાયાનો પુરાવો સાબિત ન થયો હોય તો તેના આધારે કરવામાં આવેલી ફરીયાદનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેતું નથી તે તમામ સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે અને ફરીયાદ પક્ષ રજુ થયેલ પુરાવાના આધારે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શં કપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય  જેથી આરોપીને શં કાનો લાભ આપી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: **આ ખ રી હુ ક મ** ::–

૧. આ કામના આરોપી **કિરણબેન વા/ઓ કપીલભાઈ દેવાભાઈ પરમાર,** ઉ.વ.૪૨, ધંધો–ઘરકામ,રહે.ગળથ,તા.ભેંસાણ,જી.જુનાગઢનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે

ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૫(ઇ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે ધોરણસર નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો નામદાર અપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટેનાં આરોપીએ રૂ.૭૫૦૦/– (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેથી કોર્ટમાં રજૂ કરવા વિકલ્પે અગાઉ રહેલ જામીનદારની અપીલ સમયના જામીન તરીકે ચાલુ રહેવા અંગેની પુરસીસ રજુ રાખવી.

હુકમ આજરોજ તારીખ ૦૩, ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૩/૦૮/૨૦૨૬.
સ્થળ – ભેંસાણ.

**ભાસ્કરકુમાર રમેશભાઈ કારીયા**
CODE No. GJ 01626
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ભેંસાણ.